CITY પલ્સ
email: citypulse@gujaratmitra.in
ગુજરાતમિત્ર
શુક્રવાર ૧૨ જૂન, ૨૦૨૬

# સુરતના ફૂટબોલ-વિશ્વનું એપિસેન્ટર: રાંદેર

## રાંદેરવાસીઓની નસે નસમાં છે ફૂટબોલ: માત્ર રાંદેરમાં જ છે ૫૦ જેટલી ક્લબ્સ: આપ્યા છે અનેક રાષ્ટ્રીય કક્ષાના ખેલાડીઓ



આ ઈકાલથી ફિફા વર્લ્ડ કપનો પ્રારંભ થઈ ચુક્યો છે. જ્યાં ફૂટબોલની વાત આવે ત્યાં રાંદેરને તો કેમ ભુલાય? રાંદેરને ફૂટબોલનું બ્રાઝીલ કહેવાય છે. અહીં રાંદેરના દરેક ઘરમાં ફૂટબોલનો એક પ્લેયર તો હોવાનો જ. એવું કહેવાય છે કે, વરસાદ પડવાની શરૂઆત થાય એટલે રાંદેરના છોકરાઓ કાદવ કીચડમાં ફૂટબોલ રમવાની મજા લેતા અને પેરેન્ટ્સ પણ બાળકોને કહેતા કપડાં કાદવ કીચડમાં ખરાબ થાય તો કાંઈ નહીં તમે ફૂટબોલ રમવા જાઓ. આમ, તો રાંદેર ક્રિકેટ માટે પણ જાણીતું છે. રાંદેરમાં 1880થી ફુટબોલ રમાતું અને 1940થી હાંસિયા શીલ્ડ ટુર્નામેન્ટ રમાવાની શરૂઆત થઈ હતી. અહીં અનેક ફૂટબોલના ખિલાડીઓ રમી ચુક્યા છે. જોકે, તેની યાદગીરી સ્વરૂપના ફોટા 2006ની રેલમાં તણાયા હોવાનું કહેવાય છે. રાંદેરના ફૂટબોલના ખેલાડીઓ અદ્ભૂત ડ્રિબલિંગ, ઝડપ અને આક્રમક રમવાની ક્ષમતા ધરાવે છે. તમે રાંદેરમાં પગ મુકશો એટલે ત્યાં મેદાન અને ગલીઓમાં ફૂટબોલ રમતા છોકરા જોવા મળશે. ફૂટબોલ પ્લેયર પાસે ફૂટબોલની ટી-શર્ટનો ખજાનો અને ટ્રોફીઓ જોવા મળશે. રાંદેરમાં ફૂટબોલ રમેલા યાહ્યા જીવા કે જેઓ સારા ક્રિકેટર પણ હતાં તે સાઉથ આફ્રિકાની ક્રિકેટ ટીમ વતી રમ્યા છે. તો ચાલો રાંદેરમાં કઈ રીતે ફૂટબોલની શરૂઆત થઈ, શરૂઆતી દૌરનું ફૂટબોલને લગતું શું શુ સાચવી રાખવામાં આવ્યું છે, રાંદેરના કેટલાંક ફૂટબોલ પ્લેયર સંતોષ ટ્રોફી રમી ચુક્યા છે, તેની રસપ્રદ વાતો જાણીએ...

Succcess મંત્ર







### 80 વર્ષ પહેલાં ગુજરાતનું પહેલું પ્લેગ્રાઉન્ડ આવું દેખાતું હતું

રાંદેર ઇસ્લામ જીમખાના પ્લેગ્રાઉન્ડ 1880થી હોવાનું કહેવાય છે. 1920થી આ પ્લેગ્રાઉન્ડ પર ફૂટબોલ રમવાનું શરૂ થયું હતું અને 1940થી અહીં હાંસિયા શીલ્ડ ટૂર્નામેન્ટ રમવાની શરૂઆત થઈ હતી. આ પ્લેગ્રાઉન્ડનો 80 વર્ષ પહેલાંનો ફોટો અત્યારે સાચવીને રાખવામાં આવ્યો છે. 40 વર્ષ પહેલાંના ફૂટબોલ પ્લેયર્સનો ફોટો પણ રાંદેર ઇસ્લામ જીમખાનામાં જોવા મળે છે. આ ગ્રાઉન્ડ પર પશ્ચિમ બંગાળના પ્લેયર્સ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, અમદાવાદ, દિલ્હી, વડોદરાની ટિમો રમી ચુકી છે. રાંદેર ઇસ્લામ જીમખાનાએ હાંસિયા શીલ્ડ ટૂર્નામેન્ટ શરૂ કરી હતી ત્યારે પહેલી ટૂર્નામેન્ટ આ જ ક્લબ જીત્યું હતું.




### 100 વર્ષ પહેલાં રાંદેરમાં ફૂટબોલ મેચ જોવા દૂર દૂરથી લોકો બળદગાડામાં આવતા

આમ તો કહેવાય છે કે, રાંદેર ઇસ્લામ જીમખાનાનું મેદાન 1880માં અને પેવેલિયન 1906માં બન્યું હતું. અહીં રમતી ફૂટબોલ મેચ, ટુર્નામેન્ટ જોવા દૂર દૂરથી લોકો સાયકલ પર, ઘોડાગાડીમાં અને બળદગાડામાં આવતા હતાં. રાંદેરમાં ફૂટબોલના ત્રણ ગ્રાઉન્ડ છે, રાંદેર સુલતાનીયા જીમખાના, રાંદેર ઇસ્લામ જિમખાના અને ભાણકી સ્ટેડિયમ. તેમાં સૌથી જૂનું ગ્રાઉન્ડ રાંદેર ઇસ્લામ જીમખાના છે.



### ગુજરાતની પહેલી ફૂટબોલ ટુર્નામેન્ટની ટ્રોફી આજે પણ રાંદેરમાં સચવાઈ છે

1940માં સુરતના રાંદેર ઇસ્લામ જીમખાનાના ગ્રાઉન્ડમાં ગુજરાતની સૌથી પહેલી ફૂટબોલ ટુર્નામેન્ટ રમાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં વિજેતા ટીમને આપવામાં આવેલી ટ્રોફી આજે પણ રાંદેર ઇસ્લામ જીમખાનમાં સાચવવામાં આવી છે. આ ટ્રોફી રાંદેર જીમખાના દ્વારા મુંબઈમાં બનાવવામાં આવી હતી. હજી પણ દરવર્ષે આ ટુર્નામેન્ટમાં સુરત ડિસ્ટ્રીક્ટની ટિમો રમે છે અને તેમાં વિજેતા નીવડતી ટીમનું બહુમાન આ ટ્રોફીથી કરાય છે ત્યારબાદ આ ટ્રોફી ફરી અહીં સાચવવામાં આવે છે. ફર્સ્ટ રનર અપ ટીમ માટે પણ 1940માં બનાવવામાં આવેલી ટ્રોફી અહીંજ સાચવવામાં આવી છે.






### સાઉથ આફ્રિકાના ક્રિકેટર સુરતના યાહ્યા જીવા સારા ફૂટબોલ પ્લેયર પણ હતાં



રાંદેર ઇસ્લામ જીમખાનાના હાલના પ્રેસિડન્ટ અબ્બાસ હાંસે જણાવ્યું કે સાઉથ આફ્રિકાના ક્રિકેટર યાહ્યા જીવા મૂળ સુરતના રાંદેરના વતની હતાં અને 40-45 વર્ષ સુધી અહીં જ રહ્યાં હતાં. તેઓ રાંદેરમાં સારા ફૂટબોલ પ્લેયર હતાં. તેઓ ફૂટબોલની સંતોષ ટ્રોફી અને ક્રિકેટમાં રણજી ટ્રોફી પણ રમ્યા હતાં. તેઓ ટાન્ઝાનિયા દેશમાં ક્રિકેટ કોચ પણ હતાં. હાલ તેઓ 60 વર્ષની ઉમરના થઇ ગયા છે. આ પ્લેયર ટેબલ ટેનિસ પણ સારું રમતાં હતાં. અહેમદી સાલેહભાઈ એ પણ મૂળ રંદેરના વતની હતાં અને સારા ફૂટબોલ પ્લેયર રહ્યાં છે તેઓ સંતોષ ટ્રોફી રમ્યા હતા. તેઓ હવે ઈંગ્લેન્ડમાં ક્રિકેટ રમે છે.





### રાંદેરમાંથી સંતોષ ટ્રોફી રમી ચૂકેલા પ્લેયર્સ

રાંદેરમાં ફૂટબોલ એટલી લોકપ્રિય રમત છે કે અહીં ફૂટબોલની 50 તો ક્લબ્સ (ટીમ) છે. રાંદેરમાં રોજ ક્રિકેટ અને ફૂટબોલ તો રમાય જ છે. રાંદેરમાંથી 25 જેટલા ફૂટબાલ પ્લેયર્સ સંતોષ ટ્રોફી રમી ચૂક્યા છે. જેમાં સિદ્દીક માલમ, અનવર હાંસ, વિનોદ કંથારીયા, અનંત સારંગ, નરેન્દ્ર સેલર, મયંક સેલર, જાવેદ સફેદા, ગની સફેદા, જાહીદ સફેદા, રિઝવાન મુલ્લા, શાહિદ પઠાણ, શોએબ શેખ, શોએબ સિંગવાલા , ઇલિયાસ સિંગવાલા, ઈમ્તિયાઝ સોની, હાફિઝ સોની, ફૈઝલ પઠાણ, ઇસ્તિયાક જમાદાર, રાગી સૈયદ, રશેદ કાજી, મુખત્યાર શેખ, કુરુરાજ અને અબુ પઠાણનો સમાવેશ થાય છે.





### જાવેદ સફેદા ત્રણ ડિસ્ટ્રીક્ટમાંથી સંતોષ ટ્રોફી રમનાર ગુજરાતના એકમાત્ર પ્લેયર

જાવેદ સફેદા રાંદેરના હાલના ફૂટબોલ પ્લેયરમાં ખાસ્સું મોટું નામ ધરાવે છે. તેમણે જણાવ્યું કે, તેઓ આખા ગુજરાતમાંથી એકમાત્ર એવા પ્લેયર છે જે ત્રણ ડિસ્ટ્રીક્ટ જામનગર, વડોદરા, સુરતમાંથી સંતોષ ટ્રોફી રમ્યા છે. તેઓ સંતોષ ટ્રોફી આસામ, ગોવા અને કલકત્તામાંથી રમ્યા હતાં. 2014માં ગોવામાં રમાયેલી ટુર્નામેન્ટમાં ગુજરાતની ટીમના કેપ્ટન પણ રહ્યાં હતાં. તેઓ ઘણી બધી ટ્રોફી જીત્યા છે. તેમની ટ્રોફીથી આખું ઘર ભરાયું છે.

### ઇસ્માઇલ હાંસિયાના માનમાં 1940માં ટ્રોફી આપવાનું શરૂ થયું

ઇસ્માઇલ યુસુફ હાંસિયા ફૂટબોલના બહુ સારા પ્લેયર હતાં. 1940માં જ્યારે હાંસિયા શીલ્ડ ટુર્નામેન્ટની શરૂઆત થઈ હતી ત્યારે વિજેતા ટીમની જે ટ્રોફી અપાતી તે ટ્રોફી ઈસ્માઈલ યુસુફ હાંસિયાના માનમાં આપવાનું શરૂ થયું હતું. તેઓ રાંદેર ઇસ્લામ જીમખાનાના પેટ્રન મેમ્બર હતાં. આ ટ્રોફી પર તેમનું નામ પણ અંકિત કરવામાં આવ્યું હતું.

# બગીચાઓમાં એક્સરસાઈઝનો વધ્યો ક્રેઝ, યંગસ્ટર્સમાં જિમ છે ફેવરિટ

તમે સવારે 5 વાગે ઉઠીને સિટીના કોઈપણ ગાર્ડનમાં જશો તો મોટી સંખ્યામાં યંગસ્ટર્સથી માંડીને વયોવૃદ્ધ વ્યક્તિ પણ ગાર્ડનમાં વોકિંગ, જોગિંગ કરતા કે પછી ગાર્ડનમાં ફિટ કરવામાં આવેલા કસરતના સાધનો પર એક્સરસાઈઝ કરતા જોવા મળશે. ગાર્ડનમાં ચારે તરફથી ખુલ્લી જગ્યા, કુદરતી પવન અને ગ્રીનરી વચ્ચે ફ્રેન્ડ્સ ગ્રુપ સાથે મ્યુઝિકના સથવારે એક્સરસાઈઝની મજા માણતા સુરતીઓ એક તરફ જોવા મળે છે પણ આ માહોલ સવારના 8 વાગ્યા સુધી જ હોય તો બીજી તરફ સવારથી લઈને મોડી સાંજ સુધી જિમમાં પરસેવો પાડી ફિટ રહેવા વર્કઆઉટ કરતા સુરતીઓ પણ જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સ્વાભાવિક રીતે મનમાં પ્રશ્ન થાય જ કે, કઈ એજ ગ્રુપના લોકો ગાર્ડનમાં કે જિમમાં કસરત કરવા જાય છે, ગાર્ડનમાં કસરત કરવાના કે જિમમાં વર્કઆઉટ કરવાના શું ફાયદા છે કે ગેરફાયદા છે, ગાર્ડનમાં સવારે 8 વાગ્યા પછી કસરત કરવાનું કેમ ટાળવામાં આવે છે? ચાલો જિમ વર્સીસ ગાર્ડનમાં કસરત વચ્ચેના તફાવત તરફ નજર કરીએ.....

### ગાર્ડનમાં એક્સરસાઇઝ વખતે ખુલ્લી હવામાં ગેટ ટૂ ગેધર પણ થઈ જાય




ગાર્ડન ચારે બાજુથી ખુલ્લી જગ્યા. કુદરતી ચોખ્ખી હવાના આવન જાવનને કારણે સુરતના કેટલાંય લોકો હવે સવારે 5 વાગ્યાથી ગાર્ડનમાં એક્સરસાઇઝ કરવા પહોંચી જતાં હોય છે. મોટું ગ્રુપ હોવાથી ગાર્ડનમાં એક્સરસાઈઝની સાથે ગેટ ટૂ ગેધર થઈ જતું હોય છે. પિન્ટુભાઈ જૈનનું 40 જેટલાં લોકોનું ગ્રુપ છે જે રોજ સવારે ગાર્ડનમાં ઝૂમ્બા કરે છે. અહીં ઝૂમ્બા એક્સરસાઈઝ માટે કોઈ ફિસ નથી ચુકવવાની હોતી. સંગીતના સથવારે યંગસ્ટર્સથી લઈને મિડલ એજ લોકો પણ આ એક્સરસાઈઝ કરે છે. ઝૂમ્બા કર્યા બાદ થોડો રેસ્ટ લેતા હોય ત્યારે ગામગપાટા પણ કરે અને હળવો નાસ્તો પણ કરી લે. જીમમાં ACની હવામાં કસરત થાય અને જિમ ઓપન નથી હોતાં એટલે કેટલાંક લોકો ખાસ કરીને ફિમેલ્સ અને વયસ્ક લોકો ગાર્ડનમાં એક્સરસાઈઝ કરવાનું પ્રિફર કરવા લાગ્યાં છે.



### પ્રાણાયામ, હાસ્યાસન જેવા યોગ ખુલ્લામાં ગાર્ડનમાં જ પ્રિફર કરાય



જિમમાં મૌન રહીને પ્રાણ સાધના નથી થઈ શકતી એટલે યોગ તરફ વળેલા ઘણા લોકો ગાર્ડનમાં પ્રાણાયામ, પ્રાણસાધના, હાસ્યાસન કરતા જોવા મળી રહ્યા છે. યોગાસન કરવા તમને સાધનોની જરૂર નથી પડતી. બીજું ઉલ્લેખનીય એ છે કે, SMCએ શહેરમાં જ્યાં જ્યાં બગીચા બનાવ્યા છે ત્યાં મોટાભાગે કસરતના સાધનો મુક્યા છે જે નિ:શુલ્ક છે. જેની પર એક્સસાઈઝ કરીને લોકો પોતાને ફીટ રાખે છે.



### 17-18 વર્ષથી લઈને 35 વર્ષ સુધીના યંગસ્ટર્સ જિમ પ્રિફર કરે છે

અક્ષય રાજપુતે જણાવ્યું કે, જે યંગસ્ટર્સ પોતાના મસલ્સ શો ઓફ કરવા માંગે છે, એબ્સ બનાવવા માંગે છે અને બોડીને મેન્ટેન્ડ રાખવા માંગે છે તેવા 17-18 વર્ષથી લઈને 29-35 વર્ષ સુધીના યંગસ્ટર્સ જિમ પ્રિફર કરે છે. જે વ્યક્તિઓ વધુ વેઈટ ઊંચકવા નથી માંગતા તે લોકો જિમ પ્રિફર નથી કરતાં. ગાર્ડનમાં એક્સરસાઈઝના ઈકવિપમેન્ટ્સ મર્યાદિત હોય છે જ્યારે બારબેલ, ડમબેલ્સ, મશીન, કેબલ્સ અને બીજા ઘણા સાધનો જિમમાં ઉપલબ્ધ રહે છે.



### ગદા જેવી દેશી કસરતો ગાર્ડનમાં કરીને સ્ટેમીના મેળવાય છે

પાલ વિસ્તારના એક ગાર્ડનમાં ગદાથી કસરત કરતા અને બીજાને પણ આ કસરત શીખવાડતા લક્ષ્મીકાંત શર્માએ જણાવ્યું કે, આ ગાર્ડનમાં રોજ 5 થી 6 જણા ગદા લઈને કસરત કરવા આવે છે. જીમની એક્સરસાઈઝ સ્ટેમીના નથી આપતો જે દેશી કસરતો આપે છે. હું ત્રણ-ચાર મહિનાથી અહીં ગદાથી કસરત કરું પણ છું અને બીજાને શીખવાડું પણ છું. ગાર્ડનમાં લોકો દોરડા પણ કુદે છે અને દંડવત પણ કરે છે.

### જિમ વર્કઆઉટમાં તડકાથી બચી શકાય



એડિશનલ વેઇટથી તમારા મસલ્સ મજબૂત બને છે. વરસાદ હોય ત્યારે ગાર્ડનમાં છત હોય તેવી જગ્યા પર જ એક્સરસાઇઝ થઈ શકે જ્યારે જિમમાં વરસાદનો કોઈ પ્રોબ્લેમ નહીં હોય. ગાર્ડનમાં બપોરે 11 વાગ્યાં બાદ કસરત કરવાથી તડકામાં ત્વચા ખરાબ થાય. વળી જિમમાં ACમાં તમે વર્કઆઉટ કરી શકો. ગાર્ડનમાં ફંક્શનલ મુવમેન્ટ જેમકે, રનિંગ, જમ્પિંગ, બોડીવેઇટ એક્સરસાઇઝ થઈ શકે જ્યારે જિમમાં ઘણા પ્રકારના વર્કઆઉટ થઈ શકે છે.